ગાંધીનગર સમાચાર

# ગાઝામાંથી હજારો લોકોની હિજરત

## ૭ દિવસથી હમાસના અડ્ડાઓને ટાર્ગેટ બનાવીને ૧૩૨૦ જેટલા હુમલાઓ કરાયા : મૃતાંક ૧૬૫









ગાઝા,તા. ૧૩

હમાસના ત્રાસવાદીઓ અને ઈઝરાયેલ વચ્ચે ખરાખરીનો જંગ આજે પણ જારી રહ્યો હતો. સતત છઠ્ઠા દિવસો ગાજા પટ્ટીના દરિયાકાંઠાના વિસ્તારોમાં હુમલાઓ કરવામાં આવ્યા હતા. પેલેસ્ટેનિયન હુમલાઓને રોકવાના હેતુસર છેલ્લા પાંચ દિવસથી ઈઝરાયેલ દ્વારા હવાઈ હુમલાઓ ગાઝાપટ્ટી અને આસપાસના વિસ્તારોમાં કરવામાં આવી રહ્યા હતા પરંતુ આજે છ દિવસના હુમલા દરમિયાન પ્રથમ વખત હમાસના ત્રાસવાદીઓ સાથે ઈઝરાયેલ કમાન્ડોની જમીન ઉપર અથડામણ થઈ હતી. ઈઝરાયેલી દળોએ હવાઈ હુમલાઓના છત્ર હેઠળ ઉત્તરીય ગાઝામાં એક સ્થળ ઉપર હુમલો કર્યો હતો. ઈઝરાયેલી લશ્કરી પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ત્રાસવાદીઓ દ્વારા કરાયેલા હુમલામાં ચાર કમાન્ડોને ઈજા થઈ છે. ઈઝરાયેલ દ્વારા કરાયેલા હુમલામાં હજુ સુધી મોતનો આંકડો ૧૬૫થી પણ ઉપર પહોંચી ચુકયો છે. ઈઝરાયેલ આંતરરાષ્ટ્રીય સમુદાયના દબાણ છતાં જોરદાર હુમલાઓ કરી રહ્યું છે. પેલેસ્ટેનિયન અધિકારીઓએ કહ્યું છે કે, માર્યા ગયેલાઓમાં ૧૫૦માં સામાન્ય નાગરિકો પણ સામેલ છે. ત્રાસવાદીઓ પણ લાંબી રેન્જના રોકેટથી હુમલા કરી રહ્યા છે. તેલઅવિવના નજીકના વિસ્તારોમાં આ હુમલાઓ કરાયા હતા. ઈઝરાયેલનું કહેવું છે કે, હવે જમીની હુમલાના વિકલ્પ ઉપર પણ ચર્ચા ચાલી રહી છે. મોટી સંખ્યામાં લોકો હોવાના લીધે હજુ સુધી હવાઈ હુમલાને મહત્વ અપાયું છે. ૧૨૦૦ સ્થળોને ટાર્ગેટ બનાવીને હુમલાઓ થઈ ચુકયા છે. દરમિયાન ગાઝામાં વર્ચસ્વ ધરાવનાર હમાસ દ્વારા પણ ઈઝરાયેલમાં સેંકડો રોકેટ ઝીંકવામાં આવ્યા છે. મંગળવારના દિવસે હુમલાઓ શરૂ થયા બાદથી ૮૦૦ રોકેટ ઝીંકાયા હોવાનો દાવો ઈઝરાયેલી સેના દ્વારા કરાયો છે. ત્રાસવાદી ટાર્ગેટ ઉપર ૧૩૨૦ હુમલાઓ કરાયા છે. ઈઝરાયેલ અને હમાસ ત્રાસવાદીઓ વચ્ચે જંગના પરિણામ સ્વરુપે વૈશ્વિક સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ કહ્યું છે કે, હમાસ સાથે યુદ્ધ વિરામ કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. ઓબામાએ ઈજરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ સાથે ફોન પર વાતચીત કરી છે અને રોકેટ હુમલાની ટિકા કરી છે. જો કે ઓબામાએ કહ્યુ છે કે ઈઝરાયેલને પોતાની સુરક્ષાનો સંપૂર્ણ અધિકાર છે. ઓબામાએ શાંતિ સ્થાપિત કરવા માટે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે મધ્યસ્થી કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. હમાસના ત્રાસવાદીઓ પણ લડાયક દેખાઈ રહ્યા છે.

ઈઝરાયેલના ઉત્તરીય સરહદ પર ગેસ સ્ટેશન નજીક રોકેટ ઝીંકવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય સમુદાયના દબાણ છતાં ઈઝરાયેલના હુમલાઓ યથાવતરીતે જારી રહ્યા છે. દરમિયાન હવાઈ હુમલાના દોર વચ્ચે હજારો લોકો ગાઝામાંથી તેમના મકાન છોડીને અન્યત્ર જતા રહ્યા છે. ઈઝરાયેલ દ્વારા ચેતવણી પણ આપવામાં આવી છે.

## ડિસેમ્બર સુધીમાં નિફ્ટી ૮૫૦૦ સુધી પહોંચી શકે

નવીદિલ્હી,તા. ૧૩

ડિસેમ્બરના અંત સુધીમાં નિફ્ટી વધીને ૮૫૦૦ની સપાટી ઉપર પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે જ્યારે સેંસેક્સ પણ નવી ઉંચી સપાટી ઉપર પહોંચશે. અત્રે ઉલ્લેખનીય છે કે, બીએસઈ સેંસેક્સમાં શુક્રવારે ૩૪૮ પોઈન્ટનો ઘટાડો થતાં તેની સપાટી ૨૫૦૨૪ ઉપર પહોંચી ગઈ હતી. હાલમાં એવું માનવામાં આવી રહ્યું હતું કે, સેંસેક્સ ૨૬૦૦૦ની સપાટીને કુદાવી દેશે પરંતુ આ સ્થિતિ સર્જાઈ ન હતી. નિફ્ટી શુક્રવારે ૧૦૮ પોઈન્ટ ઘટીને ૭૪૬૦ની સપાટીએ રહ્યો હતો. કારોબારીઓ માને છે કે, સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં તેજી આવશે.

નાણામંત્રી અરૂણ જેટલી દ્વારા બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ શેરબજારની દિશાને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. મળેલી માહિતી મુજબ તથા જાણકાર નિષ્ણાતોના કહેવા મુજબ ડિસેમ્બરના અંત સુધી નિફ્ટી ૮૫૦૦ સુધીની સપાટી હાંસલ કરે તેવી શક્યતા છે. નવી સરકારના આર્થિક એજન્ડા ઉપર મુખ્યરીતે બજેટમાં ધ્યાન આપવામાં આવ્યું છે. બચત અને મૂડીરોકાણલક્ષી બજેટ રજૂ કરવામાં આવ્યું છે. ઘણી બધી તકલીફો અને પડકાર હોવા છતાં નાણામંત્રીએ બચત અને રોકાણ કરવા લોકોને પ્રોત્સાહન આપ્યું છે. બજેટમાં અંગત આવકવેરા મુક્તિ મર્યાદાને વધારીને અઢી લાખ કરવામાં આવી છે જ્યારે વ્યક્તિગત કરદાતાઓને પણ રાહત આપવામાં આવી છે. સિનિયર સિટિઝનના કેસમાં મર્યાદા ૨.૫ લાખથી વધારીને ત્રણ લાખ કરી દેવામાં આવી છે. હાઉસ પ્રોપર્ટીના સંદર્ભમાં લોન ઉપર વ્યાજની મુક્તિ મર્યાદાને પણ વધારવામાં આવી છે.

# બેંગ્લોરમાં મોટા ગેમ્બલિંગ ટ્યુરિઝમનો પર્દાફાશ થયો

### બે હોટલોમાંથી ગુજરાતી લોકોની ધરપકડ કરીને ૨.૯૨ કરોડની રોકડ અને ગેમ્બલિંગ ટોકન કબજે

બેંગ્લોર,તા. ૧૩

સેન્ટ્રલ ક્રાઈમ બ્રાંચ પોલીસે બેંગ્લોરમાં હજુ સુધીના સૌથી મોટા ગેમ્બલિંગ રેકેટનો પર્દાફાશ કર્યો છે અને કુલ ૫૯ લોકોની ધરપકડ કરી છે. ઝડપાયેલા લોકો પૈકી ૫૬ જેટલા લોકો ગુજરાતના હોવાનું જાણવા મળ્યું છે. કુલ ૫૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, બે હોટેલોમાં દરોડા પાડવામાં આવ્યા બાદ ૨.૯૨ કરોડની રોકડ રકમ, મોટી સંખ્યામાં મોબાઈલો, મોટી સંખ્યામાં પ્લાસ્ટિક ટોકન કબજે કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ ૫૬ ગુજરાતી લોકો બેંગ્લોરમાં સટ્ટાના હેતુસર પહોંચ્યા હતા. તેઓ શુક્રવારે બેંગ્લોર પહોંચ્યા હતા અને સટ્ટા રમ્યા બાદ એક સપ્તાહના ગાળા બાદ સોમવારે તેઓ વતન પરત ફરનાર હતા. બે પાર્ટી હોલને જુગારના અડ્ડામાં ફેરવી દેવામાં આવ્યા હતા. અહીં શરાબ અને ગાંજાનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. પોલીસને શંકા છે કે, આ સટ્ટોડિયાઓ ગુજરાતથી બેંગ્લોરમાં નાણા ટ્રાન્સફર કરવા હવાલારૂટનો ઉપયોગ કરી રહ્યા હતા. કારણ કે, કોઈને પણ વિમાનમાં તેમની સાથે ત્રણ કરોડ રૂપિયાની રકમ લઈ જવાની મંજુરી નથી. ધરપકડ કરવામાં આવેલામાં અમદાવાદના દિનેશ શાહનો સમાવેશ થાય છે. જે સટ્ટા ટુરનું આયોજન કરી રહ્યો હતો. આ બનાવના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે. ઝડપાયેલાઓની પુછપરછ ચાલી રહી છે. આ તમામ પ્રવાસીઓ શુક્રવારના દિવસે અમદાવાદથી બેંગ્લોર પહોંચ્યા હતા અને ખાસ પ્રકારની લકઝરી હોટલમાં રોકાયા હતા. ઝડપાયેલા તમામ લોકો ગુજરાતના અમદાવાદના અને આસપાસના વિસ્તારના છે. આરાફાઈન અને ચેતન ઈન્ટરનેશનલમાં આ લોકો રોકાયા હતા. બાતમી મળ્યા બાદ આ કેસનો પર્દાફાશ કરાયો હતો. હજુ કેટલીક નવી વિગત સપાટી ઉપર આવે તેવી શક્યતા છે.

**ઝડપાયેલામાં ૧૨ મહિલા સામેલ**

## હૈદરાબાદ રેવ પાર્ટી વેળા ૨૬ની થયેલી અટકાયત

હૈદરાબાદ,તા. ૧૩

હૈદરાબાદ પોલીસે આજે રેવ પાર્ટીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે આ સંબંધમાં ૧૨ મહિલા સહિત ૨૬ લોકોની ધરપકડ કરી હતી. હૈદરાબાદ નજીક સમીરપેટ વિસ્તારમાં પોલ્ટ્રી ફાર્મ ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા. બાતમીના આધાર પર દરોડાની Iકાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કુલ ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ૧૨ મહિલાનો સમાવેશ થાય છે. આ ૧૨ મહિલાઓ પૈકી ત્રણ મુંબઈની હોવાનુ જાણવા મળ્યું છે. જ્યારે એક કોલકત્તાની હતી. પોલીસે કહ્યું હતું કે ઝડપાઈ ગયેલા તમામ લોકોને સ્થાનિક કોર્ટ સમક્ષ રજૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઝડપાઈ ગયેલા ૧૪ પુરૂષો પૈકી તમામ બિઝનેસમેન હતા. જે હૈદરાબાદના જુદા જુદા ભાગોના છે. આયોજકો પૈકી એક રંજન તરીકે ઓળખાયો છે. જે ફરાર થઈ ગયો છે. પોલીસે કહ્યું છે કે દરોડા દરમિયાન પોલીસે બે લાખની રોકડ રકમ, અનેક સેલ ફોન અને ચાર કાર કબજે કરી છે. અન્ય પોલીસ અધિકારીએ કહ્યું હતું કે ઘટનાસ્થળથી કેટલીક શરાબની બોટલ પણ મળી આવી છે. સમગ્ર રેવ પાર્ટીના મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. રેવ પાર્ટી વેળા પકડાઈ ગયેલા તમામ લોકોની ઓળખ થઈ ગઈ છે પરંતુ તેમની ઓળખ હજુ જારી કરવામાં આવી નથી.

## ૨૦૨૨ સુધી ભારતને તેમની પ્રથમ બુલેટ ટ્રેન મળશે

નવીદિલ્હી,તા. ૧૩

રેલવે બોર્ડના ચેરમેન અરૂણેન્દ્રકુમારે કહ્યું છે કે, ૨૦૨૨ સુધી ભારતને તેમની પ્રથમ બુલેટ ટ્રેન મળી જશે. રેલવે બજેટમાં બુલેટ ટ્રેનની વાત કરવામાં આવ્યાના બે દિવસ બાદ કુમારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આના માટે સંશાધનો ઉભા કરી લેવામાં આવશે. ભારતીય ટ્રેનોની ગતિ ૧૯૮૦ બાદથી અટવાઈ પડી છે જેથી હવે ટ્રેનની ગતિ વધારવાની બજેટમાં વાત કરવામાં આવી છે. ભૂતકાળમાં ગતિને વધારવા વિચારણા કરાઈ હતી પરંતુ છઠ્ઠા વેતન પંચના બોજ અને નુરના દરને ધ્યાનમાં લઈને આ અંગે વાત આગળ વધી ન હતી. તાઈવાન, વિયેતનામ, મોનાકો, ટ્યુનિશિયા જેવા દેશોમાં હાઈસ્પીડ રેલવે નેટવર્કનો તબક્કો જુદા જુદા તબક્કામાં છે. અમારા માટે પણ બે તબક્કા છે. જે પૈકી એક અર્ધહાઈસ્પીડ સિસ્ટમ છે જેમાં ટ્રેનની ગતિ ૧૬૦થી ૧૯૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે.



આ ટ્રેનો પ્રતિકલાકમાં ૧૬૦ કિલોમીટર સુધી દોડી શકશે જ્યારે બુલેટ ટ્રેનની ગતિ તેના કરતા વધારે રહેશે.

બુલેટ ટ્રેન ઉપર ૬૦૦૦૦ કરોડનો ખર્ચ થઈ શકે છે. ભારતીય રેલવે દ્વારા ૨૭૦૦૦ કરોડ આપી દેવામાં આવ્યા છે. ડીએફસીની સરખામણીમાં બુલેટ ટ્રેન સસ્તો પ્રોજેક્ટ છે. ૬૦૦૦૦ કરોડની રકમ પૈકી દરેક નાણાના યોગ્ય હિસાબ રાખવામાં આવશે. રેલવે બજેટમાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર માટે ૧૦૦ કરોડની વાત કરવામાં આવી છે. આઠ વર્ષમાં આ પ્રોજેક્ટને પૂર્ણ કરવામાં આવનાર છે. ખાનગી સેકટરની ભાગીદારી મારફતે જુદા જુદા પ્રોજેક્ટો હાથ ધરાશે. બુલેટ ટ્રેનને લઈને બીડરોને લઈને હવે ગણતરીનો દોર શરૂ થશે. ભારતમાં જ્યારે પ્રથમ કલર ટીવી અને પ્રથમ મોબાઈલ ફોન આવ્યા ત્યારે પણ ઘણા બધા લોકો તેમના ઉપયોગને લઈને પ્રશ્નો કરી રહ્યા હતા. બુલેટ ટ્રેન પણ આ દિશામાં એક પગલું છે. બુલેટ ટ્રેનના સ્વપ્નને લોકો પૂર્ણ કરી શકશે.

## ડુંગળી બટાકા બાદ હવે ટામેટાના ભાવમાં પણ તીવ્ર વધારો

નવીદિલ્હી,તા. ૧૩

ડુંગળીના રેટમાં વધારો થયા બાદ હવે ટામેટાના ભાવમાં પણ તીવ્ર વધારો થઈ રહ્યો છે. રાષ્ટ્રીય પાટનગર પ્રદેશમાં ટામેટાના છુટક ભાવ હવે કિલોદીઠ ૫૦ ઉપર પહોંચી ગયા છે. છેલ્લા થોડાક સપ્તાહમાં ડુંગળી અને બટાકાની કિંમતમાં વધારો થયા બાદ હવે ટામેટાની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. રાષ્ટ્રીય પાટનગરમાં હોલસેલ માર્કેટમાં કિંમતો સતત વધી રહી છે. ઉત્તર ભારતમાં ઓછા વરસાદના પરિણામ સ્વરુપે ટામેટા સહિતની ચીજવસ્તુઓની કિંમતમાં વધારો થયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળના અખાતમાં હળવા દબાણની સ્થિતિના પરિણામ સ્વરુપે હાલત કફોડી બનેલી છે. જો આ સ્થિતિ યથાવત રહેશે તો આગામી દિવસોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતમાં વધુ વધારો થઈ શકે છે.

**અમિતાભને સુપર સ્ટાર બનાવવામાં ભૂમિકા હતી**

## પ્રકાશ મહેરાના જન્મદિને ચાહકોએ તેમને યાદ કર્યા

મુંબઈ,તા.૧૩

પ્રકાશ મહેરાના જન્મદિવસે ચાહકોએ આજે તેમને યાદ કર્યા હતા. વર્ષ ૧૯૭૩માં રજૂ થયેલી સુપરહિટ ફિલ્મ જંજીર મારફતે અમિતાભ બચ્ચનને એંગ્રીયંગમેન બનાવવામાં પ્રકાશ મહેરાએ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. પ્રકાશ મહેરા અમિતાભ બચ્ચનને સુપર સ્ટાર બનાવવામાં સફળ રહ્યા હતા. પ્રકાશ મહેરાના જન્મદિવસે તેમની સિદ્ધિઓને આજે યાદ કરવામાં આવી હતી. અમિતાભ બચ્ચનને જંજીર ફિલ્મ માટે માત્ર એક રૂપિયાની સાઇનિંગ એમાઉન્ટની રકમ આપવામાં આવી હતી. ૧૩મી જુલાઈ ૧૯૩૯ના દિવસે ઉત્તરપ્રદેશના બિજનોરમાં જન્મેલા પ્રકાશ મહેરાએ પોતાની કેરિયરની શરૂઆતમાં અભિનેતા બનવા ઇચ્છુક હતા પરંતુ મોડેથી આ નિર્ણય બદલી કાઢ્યો હતો. અભિનેતાના સ્વપ્નને પૂર્ણ



કરવા તેઓ ૧૯૬૦ના દશકમાં મુંબઈ આવ્યા હતા. પોતાના કેરિયરની શરૂઆતમાં ઉજાલા અને પ્રોફેસર જેવી ફિલ્મોમાં ભૂમિકા ભજવી હતી. વર્ષ ૧૯૬૮માં રજૂ થયેલી હસીના માન જાયેગી ફિલ્મ નિર્દેશક તરીકે પ્રકાશ મહેરાની પ્રથમ ફિલ્મ હતી. આ ફિલ્મમાં શશિ કપૂરે બેવડી ભૂમિકા અદા કરી હતી. ધર્મેન્દ્ર અને પ્રાણના કહેવા ઉપર પ્રકાશ મહેરાએ અમિતાભ બચ્ચનને જંજીરમાં કામ કરવાની તક આપી હતી. જંજીરની સફળતા બાદ અમિતાભ અને પ્રકાશ મહેરાની જોડી લાંબા સમય સુધી આગળ વધી હતી. આ ગાળા દરમિયાન લાવારિસ, મુકદ્દર કા સિકંદર, નમક હલાલ, શરાબી, હેરાફેરી જેવી ફિલ્મો બનાવી હતી જે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી હતી. પ્રકાશ મહેરા એક નિર્માતાની સાથે સાથે ગીતકાર પણ હતા. અનેક ગીતો પોતે લખ્યા હતા. તેમના લખેલા ગીતો પણ ખુબ જ યાદગાર સાબિત થયા હતા જે હજુ પણ લોકો ભુલી શક્યા નથી. પ્રકાશ મહેરાએ પોતાના કેરિયરમાં ૨૨ ફિલ્મોનું નિર્દેશન કર્યું હતું અને ૧૦ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું. વર્ષ ૨૦૦૧માં રજૂ થયેલી ફિલ્મ મુઝે મેરી બીવી સે બચાવો પ્રકાશ મહેરાના કેરિયરની અંતિમ ફિલ્મ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ રહી હતી. પ્રકાશ મહેરા પોતાના કેરિયરના અંતિમ દિવસોમાં અમિતાભને લઇને ગાલી નામની એક ફિલ્મ બનાવવા ઇચ્છુક હતા પરંતુ આ સ્વપ્ન પુરુ થઇ શક્યું ન હતું. ભરપુર મનોરંજન કરનાર પ્રકાશ મહેરાનું ૧૭મી મે ૨૦૦૯ના દિવસે અવસાન થયું હતું. તેમના અવસાનથી બોલીવુડના ચાહકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું.

**શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)**

'મધુર જિંદગી' પુસ્તકમાં લેખક ફાધર વર્ગીસ પોલનો જન્મ તા. ૩૧-૫-૧૯૩૧માં અમદાવાદ ખાતે થયો હતો. બી.એ. બીપીએચ ડિપ્લોમાં ઇન જર્નાલિઝમ, બી.ટી.એચ.નો અભ્યાસ ધરાવતાં લેખક કેથલિક માહિતી સેવા કેન્દ્ર અમદાવાદના ફાઉન્ડર અને ડાયરેક્ટર છે. તેમનાં પ્રેમની સંસ્કૃતિ નિબંધને ગીરા ગુર્જરી મુંબઇના એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. વિવિધ પ્રકારના ૪૦ પુસ્તકો અગાઉ આપી ચૂકેલા લેખકનાં તમામ પુસ્તકોના શીર્ષકમાં પ્રેમ, હૃદય, સુખ, દિવ્યતા, જીવન, પરિવાર, સત્ય, શિક્ષણ માણસ, દિલ, આનંદ, સંબંધ અને સિદ્ધિની વાતો મળે છે. લેખક જિવાતા જીવનનો હકારાત્મક મહિમા કરે છે. તે લેખકનું જમા પાસું છે. ૮૮ પાનાનાં ક્રાઉન સાઇઝ ગ્લેઝ રંગીન મુખપૃષ્ઠ ધરાવતાં પુસ્તકનું પ્રકાશન આર.આર. શેઠ કંપની દ્વારા જીવન પ્રેરક પુસ્તકોની શ્રેણી અંતર્ગત કરવામાં આવ્યું છે. તે માટે લેખક અને પ્રકાશક બંને ધન્યવાદને પાત્ર છે.

**મધુર જિંદગી**
**લેખક - ફાદર વર્ગીસ પોલ**
**પ્રકાશક - આર.આર. શેઠની કંપની**
**'દ્વારકેશ' રોયલ એપાર્ટમેન્ટ, ખાનપુર, અમદાવાદ-૧**
**કિંમત - રૂા. ૫૦**

## અમિતાભ અભિનિત યુદ્ધ આજથી ટીવી પર શરૂ

મુંબઈ, તા.૧૩

અમિતાભ બચ્ચન અને સારિકા અભિનીત નવી ટીવી સિરિયલ યુદ્ધની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. સોની ટીવી ઉપર રજૂ થનારી નવી સિરિયલ યુદ્ધમાં અમિતાભ બચ્ચનની પત્નિની ભૂમિકામાં સારિકા નજરે પડનાર છે. સારિકાએ સિરિયલ શરૂ થાય તે પહેલા માહિતી આપતા કહ્યું છે કે, અમિતાભ સાથે કામ કરવા માટે ઘણા બધા કારણો છે.

અમિતાભ સાથે હંમેશા અન્ય કલાકારોને ઘણુ બધુ શિખવા મળે છે. અમિતાભ સાથે કામ કરવાનો મતલબ એ છે કે જે કંઈપણ કામ થશે તે સર્વશ્રેષ્ઠ કામ થશે. અમિતાભ સાથે કામ કરવાની તક મળીને તે ખુબ જ ખુશી અનુભવ કરી રહી છે. આ શોમાં અન્ય કલાકાર પણ ખુબ




શાનદાર છે. આ શોનું શૂટિંગ ટીવી સિરિયલની જેમ નહીં બલ્કે ફિલ્મની જેમ કરવામાં આવી રહ્યું છે જે જુદા અનુભવ સમાન છે.

યુદ્ધમાં પોતાની ભૂમિકા અંગે વાત કરતા સારિકાએ કહ્યું છે કે, તે અમિતાભ એટલે કે યુદ્ધિષ્ઠિરની પત્નિ ગૌરીની ભૂમિકામાં નજરે પડશે. સિરિયલમાં તેની ભૂમિકા એક આત્મનિર્ભર મહિલા અને ઈમાનદાર સરકારી કર્મચારીની છે. ગૌરી એક સામાન્ય મહિલા તરીકેની ભૂમિકામાં છે જે એક આદર્શ પરિવારની ઈચ્છા રાખે છે. જ્યારે યુધિષ્ઠિરની ભૂમિકા એવી છે જેમાં પોતાના પ્રોફેશનમાં તેઓ નવી નવી ઉંચાઈઓ હાસલ કરવા ઈચ્છુક હોય છે. અમિતાભે કેબીસીમાં પ્રથમ વખત નાના પડદા ઉપર એન્ટ્રી કરી હતી. ત્યારબાદ અમિતાભે બિગ બોસમાં પણ હોસ્ટ તરીકેની ભૂમિકા અદા કરી હતી. અમિતાભ કેબીસી અને બિગ બોસ બંનેમાં ઉલ્લેખનીય સફળતા મેળવી હતી. હવે યુદ્ધને લઈને પણ તમામ ચાહકો ખુબ જ ઉત્સુક છે.

## જર્મનીને ઈતિહાસ સર્જવાની અંતે તક મળી

જર્મની અને આર્જેન્ટીના વચ્ચે વર્લ્ડકપ ફાઈલન મેચ આવતીકાલે વહેલી પરોઢે રમનાર છે ત્યારે જર્મનીને એક નવા ઈતિહાસ સર્જવાની તક રહેશે. બીજી બાજુ આર્જેન્ટીના જુની પરંપરાને જાળવી રાખવા માટે સજ્જ છે. દક્ષિણ અમેરિકી ગર્વને જાળવી રાખવા આર્જેન્ટીના ઉત્સુક છે. અમેરિકામાં કોઈપણ યુરોપિયન ટીમે હજુ સુધી વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી નથી. ઈતિહાસ તરફી આ અંગેની માહિતી મળી શકે છે. આ વખતના ફોર્મને જોતા આર્જેન્ટીનાની સામે જર્મનીને તક રહેલી છે. મોટાભાગના સટોડિયાઓ પણ જર્મનીને ફેવરિટ ગણી રહ્યા છે. બ્રિટિશ બુકીઓ જર્મનીને રેડહોટ ફેવરિટ તરીકે ગણે છે. બ્રાઝિલે ત્રણ વખત વિશ્વકપ જીતવામાં સફળતા મેળવી છે જ્યારે ઉરૂગ્વે અને આર્જેન્ટીનાએ બે બે વખત વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી છે. દક્ષિણ અમેરિકામાં આયોજિત વર્લ્ડકપનો ઈતિહાસ નીચે મુજબ છે.

| વર્ષ | યજમાન દેશ | વિજેતા | રનર્સઅપ |
|---|---|---|---|
| ૧૯૯૪ | અમેરિકા | બ્રાઝિલ | ઈટાલી |
| ૧૯૮૬ | મેક્સિકો | આર્જેન્ટીના | જર્મની |
| ૧૯૭૮ | આર્જેન્ટીના | આર્જેન્ટીના | હોલેન્ડ |
| ૧૯૭૦ | મેક્સિકો | બ્રાઝિલ | ઈટાલી |
| ૧૯૬૨ | ચિલી | બ્રાઝિલ | ચેકગણરાજ્ય |
| ૧૯૫૦ | બ્રાઝિલ | ઉરૂગ્વે | બ્રાઝિલ |
| ૧૯૩૦ | ઉરૂગ્વે | ઉરૂગ્વે | આર્જેન્ટીના |